RNI No. Guj Guj 2004/19315 Post Reg. No. G.Meh-257/Valid Upto 31-12-2015

Book-Post

અંધ, અપંગ, બહેરા-મૂંગા, મંદબુધ્ધિ તથા કુષ્ઠરોગીઓને સમર્પિત માસિક સમાચાર પત્ર

# વિકલાંગ મિત્ર

ઓળંગે ગિરી પાંગળો

Press For Disable

તંત્રી : ભરતભાઈ આર. પટેલ

M.No. 97260 43911

VIKLANG MITRA MONTHLY

● વર્ષ : ૧૦ ● અંક : ૮ ● એપ્રિલ -૨૦૧૪ ● વાર્ષિક લવાજમ રૂા.૫૦/- ● આજીવન લવાજમ રૂા.૧૦૦૦/- ● પાના - ૪

પત્ર વ્યવહારનું સરનામુ :- મુ.પો. માઢી, તા. વિજાપુર, જિ. મહેસાણા, પી.નં. ૩૮૨૮૬૦ ઈ-મેલ : viklangmitra@yahoo.com

**“અકલ્પ્ય શારીરિક અક્ષમતા છતાં અનેકવિધ પ્રવૃત્તિઓમાં અગ્રેસર નિક વોયચીક, શારીરિક પંગુતાને નાથીને વટથી કેમ જીવી શકાય એનું અનોખું અને જીવંત ઉદાહરણ છે.”**

## અડધું શરીર સવાયું જીવન ... !



એ લખે છે. કાંસકાથી વાળ ઓળે છે. બ્રશથી દાંત ઘસે છે. ગ્લાસથી પાણી પીવે છે. ફોનના જવાબ આપે છે. દાઢી કરે છે. કોમ્પ્યુટર વાપરે છે. ડ્રમ પેડલ્સ વગાડે છે. ટેનિસ બોલ ફેંકે છે. સ્વિમિંગ કરે છે. ગોલ્ફ રમે છે. સ્કાય-ડાઈવિંગ કરે છે.

પણ એમાં નવું શું કે નોંધ

કરવાનું નહોતું. પરંતુ અત્યંત દોહ્યલું અને મુશ્કેલ જીવન એને આવકારવા માટે બન્ને હાથ પહોળા કરીને ઊભું હતું. સંપૂર્ણ માનસિક સજ્જતા છતાં માત્ર શારીરિક પંગુતાને લીધે નિક સામાન્ય બાળકો માટેની સ્કૂલમાં ન જઈ શક્યો. કારણ કે કાયદો એને રોકતો હતો. પરંતુ આ કાયદામાં

કરવા ઈચ્છુક હોય તેનો ઈશ્વર ઉપયોગ કરે ને કરે જ. ગમે તેવી અને દરેક પંગુતાને પહોંચી વળવા માટે ઈશ્વર ખૂબ સક્ષમ અને શક્તિશાળી છે. નિક વૉયચીકની ઈશ્વર પરની શ્રદ્ધા અને આસ્થા ગજબનાક છે. શરૂઆતમાં નિક પ્રાર્થના કરતો કે હે પ્રભુ મને હાથ અને પગ આપ, અને જો મારી

સ્વીમિંગ કરે છે. ગોલ્ફ રમે છે. સ્કાય-ડાઈવિંગ કરે છે.

પણ એમાં નવું શું કે નોંધ લેવી પડે ? આવું તો બધા કરતા હોય કે કરી શકે. હા પણ નિક વૉયચીક આ બધું કરે, ત્યારે માત્ર નોંધ જ ન લેવી પડે પણ સલામ સુધ્ધાં કરવી જ પડે. કારણ કે નિકને નથી એકેય હાથ કે નથી એકેય પગ...! ''નિક'' વૉયચીક ઉર્ફે નિકોલસ જેમ્સ વૉયચીક આવી અકલ્પ્ય શારીરિક અક્ષમતા છતાં કરોડો સામાન્ય માણસ જેવું જીવન ગુજારે છે. એની આ કાબિલ-એ-દાદ હિંમત અનેકને પ્રેરણા, આશા અને જીવતા રહેવાનાં કારણો પૂરાં પાડે છે.

૧૯૮૨ની ચોથી ડિસેમ્બરે ઑસ્ટ્રેલિયાના મેલબોર્નમાં દુસ્કા અને બોરીસ વૉયચીકને ઘરે નિક ''ટેટ્રા-એમેલિયા સિન્ડ્રોમ'' સાથે જન્મ્યો. જવલ્લે જ દેખાતી આ બિમારીમાં નવજાત શિશુ હાથ કે પગ વગર જન્મે છે. નિકને પણ પગને નામે બે સાવ નાના કે મિનિ પગ હતા. જેમાંથી એક પગમાં બે આંગળા હતા. આ સિવાય નિક પૂરેપૂરો દુરસ્ત-તંદુરસ્ત. એના બન્ને ભાઈ મિચેલ અને એરોન એકદમ નોર્મલ.

જન્મ કે એની સાથે ભેટમાં આવેલી પંગુતામાં નિકે કંઈ બાળકો માટેની સ્કૂલમાં ન જઈ શક્યો. કારણ કે કાયદો એને રોકતો હતો. પરંતુ આ કાયદામાં ફેરફાર થયા બાદ મુખ્ય પ્રવાહની સામાન્ય બાળકો માટેની સ્કૂલમાં એડમિશન મેળવનારો સર્વપ્રથમ વિદ્યાર્થી નિક બન્યો.

જોકે સ્કૂલ એડમિશનથી જંગ જીતાઈ નહોતો ગયો. નિકના અસલી જંગની શરૂઆત થઈ હતી. કાયદામાં ફેરફાર થયો પણ લોકોના મન બદલવાનું આશાન નથી. હાથ-પગની ગેરહાજરીને લીધે અન્ય વિદ્યાર્થીઓ એની મજાક કરવા માંડ્યા. કનડગત એટલી વધી ગઈ કે નિક હતાશાની ગર્તામાં સરી પડ્યો. આ ડિપ્રેશનની માત્રાનો ક્યાસ એ હકીકત પરથી આવે છે કે માત્ર આઠ વર્ષની ઉંમરે તે આપઘાતના વિચાર કરવા માંડ્યો હતો. દસ વર્ષની ઉંમરે બાથટબમાં ડૂબી જવાનો પ્રયાસ પણ કર્યો.

સદ્‌ભાગ્યે નિકને મા-બાપનો એટલો બધો પ્રેમ મળ્યો કે હતાશા અને આત્મઘાતી વિચારોનું સાવ બાષ્પીભવન થઈ ગયું. એ માનવા લાગ્યો કે ઈશ્વર પાસે મારા જીવન માટે કોઈ અલગ પ્લાન લાગે છે એટલે જ ડૂબવા ન દીધો.

આગળ જતા નિક દુનિયાભરને સમજાવવા માંડ્યો કે જે હૃદય (વ્યક્તિ) પોતાનું કાર્ય ગજબનાક છે. શરૂઆતમાં નિક પ્રાર્થના કરતો કે હે પ્રભુ મને હાથ અને પગ આપ, અને જો મારી પ્રાર્થનાનો અસ્વીકાર કરીશ તો હું તારી પ્રશંસા કરવાનું છોડી દઈશ. પરંતુ માતાએ બતાવેલા એક અખબારમાં ભયંકર પંગુતા સાથે બાખડતા એક માનવી અંગે લેખ હતો. નિકને સમજાયું કે આવો સંઘર્ષ કરનારો હું એકલદોકલ નથી. આ સાથે જ પોતાની પંગુતાને એ સહજભાવે સમજતો - સ્વીકારતો થયો.

ઉંમર વધવા સાથે નિક બરાબર ઝળકવા માંડ્યો. એ રાજ્યકક્ષાની ટીમનો કેપ્ટન બન્યો. સ્થાનિક ધર્માદા સંસ્થાઓ માટે અને અપંગો માટેના ચેરિટી કાર્યમાં એ સહભાગી થવા માંડ્યો. ૧૭મા વર્ષે તેણે વિદ્યાર્થીઓના જુથને પ્રવચન આપવાનું શરૂ કર્યું. આને પાયો બનાવીને નિકે ''લાઈફ વિધાઉટ લિમ્બ્સ'' નામની એન.જી.ઓ.ની સ્થાપના કરી. ૨૦૦૫માં તો એ યંગ ઓસ્ટ્રેલિયન ઑફ ધ યરના એવોર્ડ માટે નોમિનેટ થયો હતો. ત્યારે નિક ઈશ્વરના ચમત્કારમાં ત્યાં સુધી માનતો કે પોતાના કબાટમાં કાયમ બૂટની જોડ રાખતો... ભગવાન પગ આપે તો તરત જ બૂટ પહેરી શકાય ! માત્ર ૨૨ વર્ષની ઉંમરે તેણે એકાઉન્ટન્સી અને ફાયનાન્શિયલ પ્લાનિંગમાં




**મારું નામ નિક વોયચીક છે અને ૩૦ વર્ષ અગાઉ હાથ કે પગ વગર જન્મવા બદલ હું ઈશ્વરનો આભારી છું...!**

ગ્રેજ્યુએશન કર્યું. પરંતુ કારકિર્દી બનાવી મોટિવેશનલ સ્પીકર (પ્રેરણાદાયી વક્તા) તરીકેની. આજ સુધી પાંચ ઉપખંડના ૨૪ દેશના ત્રીસ લાખથી વધુ લોકો સમક્ષ તે પ્રવચન આપી ચૂક્યો છે.

આ ઉપરાંત નિકે પુસ્તક લખ્યું. મોટિવેશનલ ડીવીડી માર્કેટમાં મૂકી. એના જીવન પર ડૉક્યુમેન્ટરી બની, શોર્ટ ફિલ્મ બની, બેસ્ટ એક્ટરનો એવોર્ડ સુધ્ધાં મળ્યો... હાલ નિક અમેરિકાના લોસ એંજલસમાં રહે છે. ૨૦૧૨ની ૧૨મી ફેબ્રુઆરીએ પોતાની પ્રિયતમાને પરણ્યો. આ વર્ષની ૧૩મી ફેબ્રુઆરીએ પુત્રનો પિતા બન્યો. ઈન્ટરનેટ પર ઉપલબ્ધ નિકના પત્રની પહેલી લાઈન સાથે સમાપન કરીએ : મારું નામ નિક વૉયચીક છે અને ૩૦ વર્ષ અગાઉ હાથ કે પગ વગર જન્મવા બદલ હું (ઈશ્વરનો) આભારી છું...!

સૌજન્યઃ મુંબઈ સમાચાર,
પ્રેષક : શાંતિભાઈ ગઢિયા



# વિકલાંગ મિત્ર

**વિકલાંગ પ્રથમ માણસ છે અને પછી વિકલાંગ છે. તેના અધિકારોનું રક્ષણ કરવું એ આપણી પવિત્ર ફરજ છે.**

## સન્માનનો અધિકાર

વિકલાંગતાની સામે લડનાર એક વ્યક્તિ પણ સન્માન અને યોગ્ય સંબોધનની એટલી જ હકદાર છે જેટલી એક સામાન્ય વ્યક્તિ.

આ વાત એક શાળાની છે. આ શાળામાં એક નવા શિક્ષિકા આવ્યા. જે વિકલાંગ હતા અને બગલમાં ઘોડીની મદદથી ચાલતા હતા. આખી શાળાના વિદ્યાર્થીઓ તેમને તેમના નામથી નહીં પરંતુ અપંગ શિક્ષિકા તરીકે ઓળખતા હતા. તેમની પીઠ પાછળ વિદ્યાર્થીઓ તેમની મજાક ઉડાવતા અને નકલ કરતા. આ શાળામાં પ્રાર્થનાસભામાં દર ગુરૂવારે દરેક શિક્ષકને બોલવાનો વારો હતો. જ્યારે પેલાં શિક્ષિકાનો વારો આવ્યો, ત્યારે એમણે કહ્યું, ''કોઈ વ્યક્તિ અપંગ જન્મે કે કોઈ અકસ્માતમાં અપંગ બની જાય ત્યારે તે તનથી હારી જાય છે, પરંતુ જ્યારે તેના પોતાના લોકો તેને ક્ષણે-ક્ષણે અપંગ (વિકલાંગ) હોવાનો અહેસાસ કરાવે છે ત્યારે એ મનથી હારી જાય છે. આપણી શાળામાં દરેક શિક્ષકોની ઓળખ એમના નામથી કરવામાં આવે છે. તો પછી મારી ઓળખ એક અપંગ (વિકલાંગ) શિક્ષિકાના રૂપમાં કેમ... ? મારું પણ એક નામ છે. હું તમને બધાને હાથ જોડીને વિનંતી કરું છું કે, પ્લીઝ મને મારા નામથી બોલાવો.'' આટલું કહેતાં કહેતાં એમનો અવાજ ભરાઈ આવ્યો અને આંખોમાંથી દડ-દડ આંસુ આવી ગયાં.

જરા વિચારો, કેટલી વ્યથા, કેટલી વેદના, કેટલી લાગણી એમના શબ્દોમાં રહેલી છે. આપણે માણસ હોવા છતાં પણ માણસનાં દુઃખ, દર્દને સમજી શકતા નથી. એમની લાગણી અને વેદના સમજી શકતા નથી. એમનાં દુઃખને દૂર કરવાનો પ્રયત્ન કરવાની જગ્યાએ અજાણતા જ એમાં વધારો કરીએ છીએ. હંમેશાં જોવા મળ્યું છે કે, લોકો કોઈ વિકલાંગને જોઈને સાધારણ રીતે બે પ્રકારની પ્રતિક્રિયા આપે છે. કાં તો એ વધુ પડતી સંવેદના જતાવે છે કે પછી સંપૂર્ણ રીતે એમની સાથે ખરાબ વ્યવહાર કરે છે, જ્યારે

આ શું ? સ્ટેશન માસ્તર મિ. શર્મા હાજતે જઈને પાછા ફરતા હતા, ત્યાં જ એમના કાને કશોક ધીમો ધીમો અવાજ સંભળાયો. પુષ્કળ ઝાડી, કાંટાળા વૃક્ષો. થોડેક દૂર રેલ્વે ફાટક. અણિયાળું ઘાસ હાલતું હતું. મિ. શર્માએ માત્ર ટિકિટો જ કાપી જાણી નહોતી. માત્ર કૂલીઓ પર બરાડા જ પાડી જાણ્યા નહોતા, માત્ર ખુદાબક્ષ મુસાફરોને તતડાવી જ જાણ્યા નહોતા, એમનામાં આ બધાથીય કશુંક વિશેષ હતું. એમના કાન સરવા હતા. ને મન ચપળ હતું. ''ઊંહ...ઊંહ''નો અવાજ આવતાં જ એ ચમક્યા. એમના મુખમાંથી સહજોદ્ગાર નીકળી પડ્યો :''આ શું ? ફાટકથી આટલે દૂર ગીચ ઝાડીમાં આ ઊંહકારા શાના છે ?'' પાછું એમને ગઈકાલે રેલ્વે ફાટક પર ભયાનક અકસ્માત થયો હતો એ યાદ આવી ગયું. ખુલ્લા ફાટકમાં સ્કૂલ બસ ઘૂસી આવી અને એ સમયે ધસમસતી ટ્રેન આવી ને સર્જાઈ ગયો ગોઝારો અકસ્માત ! બાર-પંદર બાળકો તો ઘટના સ્થળે જ પ્રભુને પ્યારાં થઈ ગયાં. કેટલાંક ને ગંભીર ઈજાઓ થઈ હતી. કદાચ...કદાચ...

મિ. શર્માની કલ્પનાઓ ઊડાઊડ કરવા લાગી ગઈ. કોઈ બાળક અકસ્માતમાં દૂર ઝાડીમાં ફેંકાઈ ગયું હોય એવું પણ બને. પોલીસ ટુકડી અને સેવકોનું ધ્યાન એ

## રણને તરસ ગુલાબની

**-પરાજિત પટેલ**

હાડકાં વચ્ચે ''હામ'' અકબંધ હતી ! દોલતસિંહ ! બોલો, ડૉક્ટર સાહેબ ! તારો એક હાથ અને એક પગ કાપવો પડશે. તો કાપી નાખો. ને કપાઈ ગયો એક હાથ, કપાઈ ગયો એક પગ. જિંદગી લાચાર બની ગઈ. તેર ચૌદ વરસનો ''સિંહ'' એક હાથ, એક પગ વગરનો બની ગયો ! ઘેર માત્ર ભાઈ-ભાભી જ હતા. પિતાજીના કેન્સરની સારવાર અમદાવાદમાં ચાલતી હતી, પણ એ જીવી ન શક્યા. ભાઈ ભાભીના વશમાં હતો ને ભાભીને પોતાના કસવગરના દિયરમાં જરા પણ રસ નહોતો. ભાભીની તો એક જ કાળવાણી : ''આ બેકાર મરી ગયો હોત તો સારૂં !'' પણ દોલતસિંહ ન મર્યો. એ જીવી ગયો ! ઘેર ગયો : પણ એને આવતો જોતાં જ ભાભીએ ઘરના બારણાં બંધ કરી દીધા, સાથે કાળવચનો ઉચ્ચાર્યા : ''હવે કદી અહીં ન આવતો, જા અહીંથી !'' ''ક્યાં જાઉં...!'' ''એ પ્રશ્ન તારો છે, અમારો નહિ. ચોખંડ ધરતી પડી છે. ગમે ત્યાં જજે પણ આ બાજુ તો આવતો નહિ !'' કેમ ? તારો એક સાજો ટાંટિયોય તોડી નાખીશ, હા ! જા અહીંથી ને ભીખ માગી ખાજે ! ''

દોલતસિંહને કોઈએ લાગણીની દોલત

શમતી નથી.

એ અમદાવાદ આવવા માટે ટ્રેનના ડબ્બામાં ચઢી બેઠો. હા, એના પિતા જગન્નાથજી ત્યાં સારવાર લેતા હતા. કેન્સર સામેનો જંગ તેઓ અમદાવાદમાં જ લડતા હતા... અને અમદાવાદમાં જ કેન્સરના રાક્ષસે એમની જિંદગીની ડોક દબોચી દીધી હતી. ભાઈ-ભાભીએ એની નાનકડી જિંદગીના ટોડલે તિરસ્કારના તોરણ બાંધી દીધા હતા. તે ટ્રેનમાં બેઠો હતો. વીતેલી જિંદગીની યાદો એને પીડા આપતી હતી. અતીત ભણી ડોકિયું કરતાં ય એ ધ્રૂજી ઊઠતો હતો. ટ્રેન આગળ વધી રહી છે. ટ્રેનને..? ઘેર ઈઝ નો લાસ્ટ સ્ટોપેજ ઈન ધ ટ્રેન ઓફ લાઈફ. કેટલા બધા વિચારો આવે છે. ગમના પ્યાલા એણે ગટગટાવ્યા છે. ભારે બેબસી એણે મહેસૂસ કરી છે. ગુંગળામણના કાળા ઉકળતા પાણીમાં એ ડૂબ્યો છે. એક પગ વાળી, એક હાથવાળી જખ્મી જિંદગીનો બોજ ઊંચકીને એણે ફરવાનું છે. જ્યાં ટ્રેન લઈ જાય ત્યાં. જ્યાં અંજળ પાણી લખાયાં હોય ત્યાં એમ તો બાપુજીની સાથે બે-ત્રણ વાર અમદાવાદ આવ્યો છે એ. મજાનું સ્ટેશન છે. કાળી બલાખ સડકો છે. હિલોળા લેતા જળવાતું

કરીએ છીએ. હંમેશાં જોવા મળ્યું છે કે, લોકો કોઈ વિકલાંગને જોઈને સાધારણ રીતે બે પ્રકારની પ્રતિક્રિયા આપે છે. કાં તો એ વધુ પડતી સંવેદના જતાવે છે કે પછી સંપૂર્ણ રીતે એમની સાથે ખરાબ વ્યવહાર કરે છે, જ્યારે આ બંને પ્રકારનો વ્યવહાર નિંદાને પાત્ર છે. શું વિકલાંગોને એક સામાન્ય વ્યક્તિની જેમ માન-સન્માન મેળવવાનો અધિકાર નથી... ?

## પૂર્ણ વિરામ...

જો તમે ઊડી ન શક્તા હો તો દોડો, દોડી શક્તા ન હો તો ચાલો, ચાલી શક્તા ન હો તો ભાંખોડીયા ભરો, પણ તમે જ્યાં છો ત્યાંથી આગળ વધો. આગળ ને આગળ વધતા રહો...!

- માર્ટીન લ્યુથર કિંગ

## "વિકલાંગ મિત્ર"ના આજીવન સભ્યશ્રીઓ રૂા. ૧,૦૦૦/-

(૧) શ્રી સેજલબેન એન. મહેતા, શિક્ષકશ્રી, બહેરા-મૂંગા શાળા, ભાવનગર
(૨) ડૉ. દેવ યોગી, મંગલ જીવન ટ્રસ્ટ, સેંદ્રાણા, તા. સિધ્ધપુર
(૩) શ્રી કનુભાઈ શેલાર, પ્રમુખશ્રી, ધી સોસાયટી ફોર ફીઝીકલી હેન્ડીકેપ્ડ, અમદાવાદ
(૪) શ્રી આશા - વીરેન્દ્ર, સાહિત્યકાર, વલસાડ
(૫) પ્રો. રમીલાબેન દેસાઈ, સુરત
(૬) મંત્રીશ્રી, સ્વાવલંબન ટ્રસ્ટ, અમદાવાદ
(૭) શ્રી કુલિનકાન્ત લુઠિયા, માનવ જ્યોત, મુંબઈ
(૮) શ્રી સુરેશભાઈ પટેલ, શિક્ષકશ્રી, પાટણ
(૯) શ્રી બળવંતભાઈ દેસાઈ, યંગમેન્સ ગાંધીયન એસોશિયેશન-રાજકોટ
(૧૦) શ્રી જ્યોત્સનાબેન બી. સુથાર, ફા. ઈન્ટરનેશનલ અને અપંગ એકતા સમિતિ - અમદાવાદ
(૧૧) શ્રી નવનીતભાઈ કે. પટેલ, નિવૃત્ત કાર્યાલય અધિક્ષકશ્રી, મત્સદ્યોગ વિભાગ- ગાંધીનગર
(૧૨) શ્રી નરેશકુમાર દવે, પ્રમુખશ્રી, શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ-પાટણ
(૧૩) શ્રી રસીકભાઈ પટેલ, ભાદરણ, જિ.આણંદ હાલ- યુ. કે.
(૧૪) શ્રી નાનજીભાઈ કે. ડબાસીયા, માધાપર (કચ્છ)
(૧૫) શ્રી બકુલાબેન ઘાસવાલા, સાહિત્યકાર, વલસાડ
(૧૬) શ્રીમદ્ રાજચંદ્ર વિકલાંગ સેન્ટર, મોહનગઢ, જિ. વલસાડ
(૧૭) શ્રી તનમનબેન ગાંધી, સામાજિક કાર્યકર, મુંબઈ

બાળક અકસ્માતમાં દૂર ઝાડીમાં ફેંકાઈ ગયું હોય એવું પણ બને. પોલીસ ટુકડી અને સેવકોનું ધ્યાન એ તરફ ન ગયું હોય એવું પણ બને. એ સમયે ફેંકાઈ જનાર બાળક બેહોશ થતાં અવાજ પણ ન કરી શક્યો હોય, એવું પણ બને...ને કદાચ એમ જ હશે. ગીચ ઝાડીમાં માર્ગ કરતા એ આગળ વધ્યા. ને ઊંડાણમાં થોડેક દૂર જતાં એક તેરેક વર્ષના બાળક પર એમની નજરે પડી ગયો. બાળક બૂરી તરેહથી ઘાયલ થઈ ગયો હતો. હાથ-પગમાંથી માંસના લોચા બહાર નીકળી આવ્યા હતા. છોકરો ચોવીસ કલાક પછી ભાનમાં આવી ગયો હતો ને તેના મુખમાંથી અવાજ નીકળી રહ્યો હતો ! "ઊંહ...ઊંહ..." અવાજમાં વેદના છલકાતી હતી. પોટલું ભરાય એટલી પીડાનો અણસાર આવતો હતો...એમણે તાત્કાલિક મોબાઈલની સ્વીચો દબાવી ને થોડીક મિનિટોમાં તો એમ્બ્યુલન્સવાન આવી પહોંચી.... નજીકની હોસ્પિટલમાં એને એડમીટ કરીને તાત્કાલિક સારવાર શરૂ કરી દેવામાં આવી.

નામ ? દોલતસિંહ ! પણ દોલત વગરનો દોલતસિંહ. માત્ર શરીર હતું... પણ હાથ-પગ તૂટી ગયા હતા. માત્ર માંસના લોચા. નામમાં દોલત હતી, ગજવામાં દોલત નહોતી ! હા, નામમાં "સિંહ" હતો, તો એની ભીતરમાં "સિંહ"ની જોરાવરી હતી. જિંદગી તૂટી ગઈ હતી. ભાંગીને ભુક્કો થઈ ગઈ હતી, પણ છાતીનાં તોડી નાખીશ, હા ! જા અહીંથી ને ભીખ માગી ખાજે !"

દોલતસિંહને કોઈએ લાગણીની દોલત ન આપી. ઘર હતું, થોડીક જમીન હતી. પણ એ બધા પર તો ભાઈ-ભાભી કુંડળી લગાવીને બેઠાં હતાં. હવે ? દોલતસિંહ સામે મોટામાં મોટો સવાલ સાપની જેમ ફેણ ચઢાવીને ફૂંફાડા મારતો હતો : હવે ? દોલત વગરના દોસલતસિંહ સામે બીજો પણ એક સવાલ ફેણ પછાડતો હતો : "હું ક્યાં જાઉં...?" લાચારીની ચાદર ઓઢીને ફરતા અપંગ દોલતસિંહ સામે ત્રીજો પણ એક સવાલ ધુંકારિયાં કરી રહ્યો હતો : "હું શું કરૂં...?" પેટે ઘસડાવાનું. એક હાથ વડે દેડકાની જેમ સરકવાનું. એક પગ વડે રસ્તો કાપવાનો. ઘર હતું, લાગણી નહોતી. સગાં હતાં, સ્નેહ નહોતો. સંબંધી કહી શકાય એવાં શરીરો હતાં, સંવેદના નહોતી.

એ તરફડતો હતો : સહારા માટે, લાગણી માટે, હૂંફ માટે, ને તે બધા આગળ તો દિવાલો ચણાઈ ગઈ હતી. અફસોસ થતો હતો એને. તેર ચૌદ વરસની ઊઘીને ઊભી થવા મથતી જિંદગી...પણ કાળાબલાય રેલ્વે એન્જીને જિંદગીને ઘાયલ કરી નાખી. ટ્રેને જખ્મો આપ્યા, એ તો સહી પણ લીધા. પણ સગાંએ જે જખ્મો આપ્યા એની રૂઝ વળી શકે તેમ નથી. માણસ શરીર પરના જખ્મો સાથે જીવી શકે, પણ એના હૈયા પરના જખ્મો એની ભીતરમાં કાળી બળતરા પેદા કરી દે છે. ને આ બળતરા ક્યારેય સાથે બે-ત્રણ વાર અમદાવાદ આવ્યો છે એ. મજાનું સ્ટેશન છે. કાળી બલાખ સડકો છે. હિલોળા લેતા જળવાતું કાંકરિયું તળાવ છે. લાલ દરવાજો છે. ભદ્રનો કિલ્લો છે...સિવિલ હોસ્પિટલ છે...ત્યાં કેન્સર વિભાગ છે. હા, બાપુજીને કેન્સર સામે જંગ છેડ્યો હતો, ને આખરે વકરી ગયેલા, બહેકી ગયેલા, બેકાબૂ બની ગયેલા કેન્સરે બાપુજીને "કેન્સલ" કરી નાખ્યા હતા. જીવતા શ્વાસ ?કેન્સલ. છાતીમાંઊઠતાં અરમાનો ? કેન્સલ. દૂરના ગામમાં બે દીકરાને પુત્રવધુ સાથેના સંબંધો ? કેન્સલ. થોડાક ભાનમાં, થોડીક બેહોશીમાં એ ક્યારેય ક્યાં ગયો એનું ભાન પણ એને ન રહ્યું. રેલ્વે સ્ટેશને પડ્યો હતો. કોઈએ ઉપાડી લીધો. પછી ? ખબર નથી ? કયાં આવી ગયો ? ખબર નથી. આ હાથ કોણે પકડ્યો છે ? એ ખબર નથી. કશી જ ખબર નથી. મોટી હોસ્પીટલ છે...દોડાદોડી ચાલે છે. ગળામાં સ્ટેથોસ્કોપવાળા ડૉક્ટરો છે. શ્વેત વસ્ત્રધારી નર્સો છે, ને કોઈ એને પૂછી રહ્યું છે : નામ ? "દોલતસિંહ રાઠોડ." "તમારે સાજા થવાનું છે..." એના હાથને હાથમાં લઈને ડૉ. પ્રભાકર કહી રહ્યા છે. "તમારે જિંદગીનું સાજાપણું પ્રાપ્ત કરવાનું છે. હારવાનું નથી. જંગ જીતવાનો છે. અમે તમને પગ આપીશું, અમે તમને હાથ આપીશું. ચાલવાનો સહારો આપીશું... તમારી તૂટી ગયેલી જિંદગીને જીવતા શ્વાસ આપીશું. બોલો, જીવશો ?"

(વધુ આવતા અંકે....)

# ગુલાબનાં વાવેતર

- આચાર્ય ઉદયકીર્તિસાગરસૂરિ

“લો અંકલ !” શું છે ? “ ગુલાબ ! હું દરરોજ તમને ગુલાબ આપી જઈશ, ગુલાબની જેમ સ્વસ્થ થઈને તમે પણ ખીલી ઉઠશો !” “પણ બેટી, આવું શું કામ કરે છે ?” “હું તો અંકલ, સુગંધ વહેંચું છું. આ હોસ્પિટલના પલંગે પલંગે જાઉં છું ને દર્દીઓને ગુલાબ આપી મહેંક મહેંક કરી નાખું છું!”

છોકરી તો નાની છે, માંડ તેર વર્ષની છે. સ્કૂલમાં ભણે છે સ્કૂલ તો બપોરની છે, એને થયું કે હું શા માટે સવારના સમયનો સદુપયોગ ન કરું ? ને એણે વિચાર્યું, ખૂબ વિચાર્યુંને પછી હોસ્પિટલમાં દર્દીના ખાટલે ખાટલે જઈને એક-એક ગુલાબ આપવાનું નક્કી કર્યું. ગુલાબ તાજગીનું પ્રતીક છે, સુવાસનું પ્રતીક છે ને દર્દીઓને તો જોઈએ છે તાજગી કેવા ઢીલા ઢીલા અને મ્લાન બની ગયા છે તેઓ ! એમને તાજગીની જરૂર છે. સુવાસની જરૂર છે. ગુલાબની જેમ મુરઝાયેલા અરમાનો ખીલી ઊઠે એ જરૂરી છે.

અને એ છોકરી સવારે આઠ વાગે હોસ્પિટલમાં પ્રવેશે છે. એની પાસે ઝોળી છે. ઝોળીમાં ગુલાબ છે, પલંગે પલંગે જાય છે ને પૂછે છે : “કેમ છો, અંકલ” કેમ છો, માસી ? “કેમ છો, દાદા”ને પછી ઝોળીમાં હાથ નાખી બોલી ઉઠે છે : “લો, ગુલાબ!

સાવ સામાન્ય વાત છે. માત્ર ગુલાબ આપે છે છોકરી ચહેરા પર પ્રસન્નતા, હસતો ચહેરો ને એના હાથમાં હોય છે એવું જ મહેકતું ગુલાબ : “લો અંકલ ! લો, આન્ટી” ગુલાબ દર્દી લઈ લે છે. પછી હાથમાં આપેલા ગુલાબ સામે જોઈ રહે છે. પછી ગુલાબને નાક પાસે લઈ જાય છે, સૂંઘે છે.

મન મહેકી ઉઠે છે. હૈયુ તરબતર થઈ જાય છે. એક દર્દી વિમલભાઈને લકવા થયેલો છે. અડધું અંગ લકવાગસ્ત છે. એ ગુલાબને સુંઘતા કહે છે. “આ ગુલાબે તો મને નવી દૃષ્ટિ આપી છે!” એટલે ? લકવા થયા પછી મારી આશાઓ કરમાઈ ગઈ હતી. મને થયું હતું કે : મૂઈ આ જિંદગી ! ક્યારેક તો મને આત્મહત્યાના વિચારો આવતા, હું હતાશામાં ડૂબતો જતો. જડ થઈ ગયેલું અડધું અંગ હવે અડધા અંગે જ જીવવાનું ! ખાટલામાં પડ્યા રહેવાનું કે પછી વોકરના સહારે જિંદગી પસાર કરવાની આવી જિંદગીનો શો અર્થ ? પછી ? એક દિવસે એ ગુલાબવાળી છોકરી મારી પાસે આવી, મારા હાથમાં હાથમાં મિલાવ્યો, પછી એણે મારા હાથમાં ગુલાબ મૂકી : “અંકલ તમેય ગુલાબની જેમ ખીલી ઉઠશો જોજોને લકવા મટીને રહેશે. પણ અંકલ, એક વાત કહું ? કહેને બેબી ! “તમે માત્ર ગુલાબના વિચારો કરજો, કાંટાના વિચાર ન કરતા. ખીલવાના જ વિચારો કરજો, કરમાવાના વિચાર ન કરતા. મધમધવાના વિચાર વિચાર કરજો, દુર્ગંધના વિચાર ન કરતા !” હું તો સાંભળી રહ્યો જોને, આ છોકરી કેવી ઉત્તમ વાતો કરે છે ! બસ ત્યારથી હું એ જ કરૂં છું, જે છોકરીએ કહ્યું હતું ને તમે માનશો, હું દિવસે દિવસે સાજાપણાનો અનુભવ કરૂં છું !

વાત સાચી છે. ઉત્તમ વિચારોના મૂળિયા ઊંડા હોય તો એને ફૂલ બેઠા વગર નથી રહેતાં, ફળ આવ્યા વગર નથી રહેતાં ! પણ જગતના માનવીઓની વાત ન્યારી છે ! બધાંના નસીબમાં “ગુલાબ” નથી હોતા !

## તસ્વીર બોલે છે...!




પ્રિય વાંચકો, શુભેચ્છકોને...!

છેલ્લાં દશ વર્ષથી વિકલાંગો માટે અને વિકલાંગ વ્યક્તિ સંચાલિત સમાચાર પત્ર “વિકલાંગ મિત્ર” દર મહિને પ્રસિદ્ધ થાય છે. આ સમાચારપત્ર દ્વારા વિકલાંગોને ઉપયોગી તમામ માહિતી તેમના ઘેરબેઠાં પહોંચાડવામાં આવે છે. જેનો લાભ મેળવી વિકલાંગો પોતાનો વિકાસ કરવા કટિબધ્ધ બને છે. જે “વિકલાંગ મિત્ર” માટે ગૌરવની બાબત છે. ઉદાર દિલના શુભેચ્છક દાતાઓના સહયોગથી ચાલતું આ પ્રકાશન વિકલાંગજનોની સેવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરે છે.

આપશ્રીને વિનંતી કરવાની કે આપ પોતે અને આપના મિત્ર વર્તુળને “વિકલાંગ મિત્ર”ના સભ્ય (સહયોગ રાશિ આજીવન રૂા.૧૦૦૦/- અથવા વાર્ષિક રૂા. ૫૦/- બે વર્ષના રૂા. ૧૦૦/- માત્ર) બનવા પ્રોત્સાહિત કરી સહકાર આપવા કૃપા કરશો. આપશ્રી આપની સહયોગ રાશિ મની ઓર્ડર / ડીડી / એટપાર ચેક ( જે **“વિકલાંગ મિત્ર”**ના નામનો) દ્વારા નીચેના સરનામે મોકલી શકો છો. આપશ્રી આપની સહયોગ રાશિ યુનિયન બેંક ઑફ ઈન્ડિયાના **“વિકલાંગ મિત્ર”**ના ખાતા નંબર ૪૪૮૨૦૧૦૧૦૦૩૨૦૨૯માં જમા કરાવી મોબાઈલ નંબર ૯૭૨૬૦૪૩૯૧૧ અથવા ઈ-મેલ **viklangmitra@**

છોકરી કેવી ઉત્તમ વાતો કરે છે ! બસ ત્યારથી હું એ જ કરું છું, જે છોકરીએ કહ્યું હતું ને તમે માનશો, હું દિવસે દિવસે સાજાપણાનો અનુભવ કરૂં છું !

વાત સાચી છે. ઉત્તમ વિચારોના મૂળિયા ઊંડા હોય તો એને ફૂલ બેઠા વગર નથી રહેતાં, ફળ આવ્યા વગર નથી રહેતાં ! પણ જગતના માનવીઓની વાત ન્યારી છે ! બધાંના નસીબમાં ''ગુલાબ'' નથી હોતા ! ગુલાબ વાવે છે ને મનખાને મહેકાવે છે. કેટલાક બાવળ વાવે છે, ને જાત અને જગતને કાંટાની અણીઓ ભોકાડે છે. ગુલાબ અને કાંટા. ગુલાબ વાવો, ગુલાબ મળશે. બાવળ વાવો, કાંટા મળશે. પણ અમુક માણસોનો તો એક જ ઉદ્યમ હોય છે : ''બાવળ વાવો, ભાઈ, બાવળ વાવો !'' એટલું યાદ રાખો કે બાવળ વાવનારે કાંટાની તૈયારી રાખવી પડશે, જીભ પર જ ઉગે છે ગુલાબ અને બાવળ ! જીભને સંયમમાં રાખો સારા શબ્દો અને ઉત્તમ વિચારો રજુ કરો ! લોકો ય કહેવા જોઈએ કે : ''આની જીભ તો ગુલાબ જેવી છે'' જીભ કાંટા ઉગાડતી હોય તો ?

લોકો કહેશે ! જીભ કાંટા જેવી છે ! તો પછી ગુલાબ જ શા માટે ન વાવવા માત્ર વિચારો નહિ, તેને અમલમાં મૂકવા દ્વારા તમેય એ ગુલાબવાળી છોકરીની જેમ સુવાસ વહેંચવાનો સંકલ્પ કરી નાખો ! ●

સરનામું મોકલી શકો છો. આપશ્રી આપની સહયોગ રાશિ યુનિયન બેંક ઑફ ઈન્ડિયાના **"વિકલાંગ મિત્ર"**ના ખાતા નંબર ૪૪૮૨૦૧૦૧૦૦૩૨૦૨૯માં જમા કરાવી મોબાઈલ નંબર ૯૭૨૬૦૪૩૯૧૧ અથવા ઈ-મેલ **viklangmitra@yahoo.com** પર સંદેશો (આપનું નામ-સરનામું સાથે) મોકલવા વિનંતી છે.


**તંત્રીશ્રી, વિકલાંગ મિત્ર**

**મુ.પો. માઢી, તા. વિજાપુર, જિ. મહેસાણા, પી.૩૮૨૮૬૦**

**મો.નં. : ૯૭૨૬૦ ૪૩૯૧૧**

**viklangmitra@yahoo.com**





# વસમી છતાં વહાલી જિંદગી



૨૦૦૧ની ૨૬મી જાન્યુઆરીના એ કાળમુખા ધરતીકંપની આ કંપારી છૂટે એવી દાસ્તાન છે, અંજાર પાસેના દુધઈ ગામની નીતા પટેલ અત્યારે નીતા પરાગ પંચાલની છે. દવા, દુઃખ, પીડા અને પરાધિનતાના ઉદાસ વાતાવરણમાં રહેલી નીતાને આજે મળો તો એવા આશા, ઉમંગ અને ઉત્સાહ સાથે વિકલાંગ કલ્યાણની પ્રવૃત્તિઓમાં ગળાડુબ છે. આવો એના શબ્દોમાં આગળની કહાની....

"તે દિવસે અમે સાત બહેનપણીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધો હતો, એટલે એમાં જઈ રહ્યા હતાં. ત્યાં બધું જ ધ્રૂજવા લાગ્યું એટલે ડરીને અમે એક થાંભવો પકડી લીધો. અમને લાગ્યું કે આમાંથી કરંટ આવતો હશે એટલે

થઈ કે મારા પગ તો મારી સાથે જ છે..."

"એ ધરતીકંપમાં મારા દાદી અને પિતરાઈ બહેનના મૃત્યુ થયાં. મમ્મી-પપ્પા મને મિલિટરી કેમ્પ લઈ ગયાં, ત્યાં બંને પગ અને કરોડરજ્જુની ઈજાની પ્રાથમિક સારવાર કરાઈ. પરંતુ બે દિવસ બાદ કહેવામાં આવ્યું કે ઈન્જરી મેજર છે, મુંબઈ લઈ જાઓ. અને આર્મી પ્લેનમાં મને મુંબઈ લઈ જવાઈ. બધાને ત્યાં સરકારી હોસ્પિટલમાં દાખલ કરાતા હતા. પણ મારા પપ્પાને કોઈએ હિન્દુજા હોસ્પિટલનું નામ સૂચવ્યું. ખિસ્સામાં માત્ર દોઢસો રૂપિયા લઈને ગયેલા મારા પપ્પા મને લઈને હિન્દુજા ગયા. ત્યાં સીટી-એમઆરઆઈ સ્કેન અને કરોડરજ્જુ તથા પગનાં ઑપરેશન થયાં."

પોતાની જાતે પડખું પણ ન ફેરવી શકતી નીતા છેક એક મહિને જાતે બેસતી થઈ. પગની હાલતથી બેખબર નીતા ડૉક્ટરને પોતે ક્યારે ચાલતી થશે એ પૂછ્યે રાખતી હતી. એનો જવાબ આપવાને બદલે ડૉક્ટર તેને વ્હીલચેરમાં બેસાડીને એક રૂમમાં લઈ ગયા અને રૂમ બહારથી બંધ કરીને ચાલ્યા ગયા. એ રૂમમાં કેટલાંય નાનાં બાળકો આર્ટિફિશિયલ

કટલરીનો સામાન બનાવવાનું અને વેચવાનું શરૂ કર્યું. ત્યારબાદ એક એસટીડી પીસીઓ પણ ખોલ્યો અને આ છોકરી માનસિક અને આર્થિક રીતે પગભર થવા લાગી. પણ હજી કશુંક નવું કરવાની ઝંખનાએ તે રોજ બે કિલોમીટર વ્હીલચેર દોડાવવા લાગી. ૨૦૦૪માં તેણે નેશનલ ગેમ્સમાં ભાગ લીધો અને પેરાપ્લેજિયા વિભાગમાં ૧૦૦ મી. અને ૨૦૦ મી. વ્હીલચેર દોડની સ્પર્ધામાં અનુક્રમે બ્રોન્ઝ અને સિલ્વર મેડલ જીત્યો. ૨૦૦૭માં નેશનલ ગેમ્સમાં ગોલ્ડ મેડલ પણ જીત્યો હતો.

સિવિલ હોસ્પિટલમાં નીતાને ઓપરેશન કરાવવાનું હોવાથી નવ મહિના જેટલો સમય રહેવું પડ્યું. ત્યાં જ પરાગ પંચાલ સાથે મુલાકાત થઈ. પરાગ પણ પોલિયોને લીધે વિકલાંગ છે. આ પરિચય પ્રણયમાં અને પછી પરિણયમાં પરિણમ્યો. ૨૦૦૬માં પરિવારોની સંમતિથી બંનેએ લગ્ન કર્યાં. પરાગ ચેસ ચેમ્પિયન અને કમ્પ્યુટર જાણકાર છે. અત્યારે આઈટીઆર કંપનીમાં નોકરી કરે છે. રિવર્સ વૉર્કિંગથી સૌને અચંબામાં મૂકી દેનાર પરાગ દર વર્ષે અમદાવાદથી ડાકોરની પદયાત્રા પણ કરે છે. તેમણે પુત્ર છે, જેનું નામ ભવ્ય

## સમાચાર - સાર

● હાલોલથી શામળાજી સુધીના તમામ ટોલપ્લાઝા દ્વારા સમાજ સેવા પ્રવૃત્તિના ભાગરૂપે માલપુર પાસે ગલીયાદાંતી ટોલપ્લાઝા ખાતે વિકલાંગોને સાધન સહાય આપવાનો કાર્યક્રમ યોજાઈ ગયો.

● અંધજન મંડળ, અમદાવાદમાં પ્રજ્ઞાચક્ષુ બાળકો અને યુવાનોને અભ્યાસ સાથે પ્રેક્ટિકલના ક્લાસ પણ આપવામાં આવે છે. પ્રજ્ઞાચક્ષુ યુવાનોને પડતી ટેકનિકલ મુશ્કેલીઓને જાતે સોલ્વ કરી શકાય તે માટે વર્કશોપનું આયોજન અમેરિકાના ડૉ. થ્યોડોર મોલેમના માર્ગદર્શન નીચે યોજવામાં આવેલ. આ વર્કશોપથી પ્રજ્ઞાચક્ષુ યુવાનોને ઘણી જાણકારી મળી હતી.

● રાષ્ટ્રીય અંધ કલ્યાણ સંઘ, વિસનગર ખાતે વિકલાંગોને માટે કારકિર્દી સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. વિકલાંગોને રોજગાર અંગે સારી એવી માહિતી પ્રાપ્ત થઈ હતી. આ કાર્યક્રમમાં રમેશભાઈ પટેલ, અંધજન મંડળ, અમદાવાદ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

● અનુપમ મિશન, મોગરી દ્વારા મંથન અપંગ કન્યા સેવા સંકુલ, હાજીપુરના સ્થાપક અને અગ્રણી વિકલાંગોના કર્મશીલ શ્રી નિર્મલાબહેન રાવળનું સન્માન કરવામાં આવ્યું હતું. શ્રી નિર્મળાબહેન રાવળને "વિકલાંગ મિત્ર" પરિવાર હાર્દિક અભિનંદન પાઠવે છે.

● મંથન અપંગ કન્યા સેવા સંકુલ, હાજીપુરના લાભાર્થે શ્રી ગીરી બાપુ (સાવરકુંડલા) દ્વારા શિવકથાનું આયોજન અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. આ શિવકથામાં સંતો, સંસ્થાના શુભેચ્છકો અને નગરજનો હાજર રહ્યા હતા.

● આસ્થા ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા શ્રી કોકિલાબેન શાહ, મૂકબધિર વિદ્યામંદિર, સોલા અમદાવાદ, શ્રી મુક્તાબેન ડગલી, સુરેન્દ્રનગર અને શ્રી નિર્મલાબહેન રાવળ, મંથન અપંગ કન્યા સેવા સંકુલ, હાજીપુરને વિકલાંગતા ક્ષેત્રે સેવા આપવા બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. સર્વે સન્માનિત મહાનુભાવોને "વિકલાંગ મિત્ર" પરિવાર હાર્દિક અભિનંદન પાઠવે છે.

● ગાંધીઘર, કછોલીના સ્થાપક સ્વ. કીકુભાઈ નાયકની નવમી પુણ્યતિથિએ સ્વસ્થ સમાજ ક્ષેત્રે ગુજરાતના સમર્પિત શ્રેષ્ઠીઓ ૯૫ વર્ષીય સ્વાતંત્રસેનાની શ્રી પરાજીભાઈ(બાપુજી-નીકોરા-ભરૂચ), રાજકોટના શ્રી રજનીભાઈ બાવીશી, શ્રીમતી રશ્મિબેન કે. દેસાઈ, શ્રીમતી મદલાબેન દેસાઈ

ધ્રૂજવા લાગ્યું એટલે ડરીને અમે એક થાંભવો પકડી લીધો. અમને લાગ્યું કે આમાંથી કરંટ આવતો હશે એટલે ડરીને બાજુના જ એક બે માળના મકાનમાં દોડી ગયા. પણ ધ્રુજારી બંધ થઈ નહીં. એ ઘરમાં રહેતાં એક વૃધ્ધ માજી કહે અરે, આ તો ધરતીકંપ છે. હજી કશું વિચારીએ તે પહેલાં તો ઉપરથી પથરા પડવા લાગ્યા. જોતજોતામાં આખા મકાનના સ્લેબ અમારી માથે આવી પડ્યા. થોડી વારે બધું શાંત થયું. હું આખી કાટમાળ નીચે દબાઈ ગયેલી, પણ છેક સુધી હોશમાં હતી. અમે બહેનપણીઓએ એકબીજાના હાથ પકડી રાખેલા. મેં તેમના નામની બૂમ પાડી પણ જવાબ ન મળ્યો. હું સમજી ગઈ, એ મને છોડીને ચાલી ગઈ છે. જરા પણ ચસકી શકાય નહીં અને હજારો કિલોના કાટમાળ નીચે હોવા છતાં મને જરા જરા બહારનું દેખાતું હતું. એટલે મદદ માટે બૂમો પાડવા માંડી. સદ્‌ભાગ્યે ત્યાંથી એક ભાઈ પસાર થયા અને મારી મદદ કરવા આવ્યા. મને બહાર કાઢવામાં એમને ભારે મુશ્કેલી પડી, કેમકે એમના એક હાથે પોલિયો હતો. પરંતુ એક હાથે એમણે લાકડાની મદદથી સ્લેબ જરા જરા ઊંચો કરતા ગયા અને મને મહામહેનતે બહાર કાઢી. બહાર આવતાં જ મેં ચીસ પાડી, અરે, મારા પગ તો અંદર જ રહી ગયા ! પછી તેમણે પકડીને બતાવ્યા ત્યારે ખાતરી રૂમમાં લઈ ગયા અને રૂમ બહારથી બંધ કરીને ચાલ્યા ગયા. એ રૂમમાં કેટલાંય નાનાં બાળકો આર્ટિફિશિયલ પગ લગાડીને આનંદથી કિલ્લોલ કરતા હતા. એમાંના કેટલાય ચેસ, બેડમિટન કે ડ્રૉઈંગમાં ચેમ્પિયન હતાં. "આખરે મને આંચકા સાથે વાસ્તવિકતા સમજાઈ, હું કદાચ ક્યારેય પહેલાંની જેમ ચાલી નહીં શકું. ડૉક્ટરે મને કહ્યું કે નીતા, મગજથી ચાલનારા પગથી ચાલનારા કરતાં આગળ નીકળે છે. તારે મગજથી ચાલવાનું છે."

૨૦૦૨માં નીતાના જીવનમાં બીજો ધરતીકંપ આવ્યો. બાર મહિના હોસ્પિટલમાં રહીને આવેલી નીતાના અપંગ થયાના સમાચાર સાંભળીને સાસરિયાઓએ નાનપણમાં થયેલી સગાઈ તોડી નાખી. ફરી પાછા ઘેર આવ્યા બાદ તે વ્હીલચેરમાં ફરતી થઈ. કેટલીક સામાજિક સંસ્થાઓની મદદથી તેણે અચંબામાં મૂકી દેનાર પરાગ દર વર્ષે અમદાવાદથી ડાકોરની પદયાત્રા પણ કરે છે. તેમણે પુત્ર છે, જેનું નામ ભવ્ય છે. આ દંપતી દ્વારા ગુજરાતમાં વિકલાંગોના હક્કો, અધિકાર બાબતે હિમાયત કરવા "વિકલાંગતા હિમાયત જુથ, ગુજરાત"નામનું સંગઠન ચલાવે છે. નીતાએ પોતાની સંઘર્ષગાથા કહેતી પચાસ પાનાની આત્મકથા લખી છે. વિકલાંગ મહિલાનો જીવનસંઘર્ષ બયાન કરતી પુસ્તિકા "ગર્ભથી કબ્ર સુધી" પણ લખી છે. આવો આપણે નીતાને એક ફોન અથવા પત્ર દ્વારા અભિનંદન પાઠવીએ...! ●

નીતા પરાગ પંચાલ
૪૬/૫૪૧, નંદનવન આવાસ
સોસા., "ઔડાના મકાન"
નિર્ણયનગર ગરનાળા પાસે,
માધવબાગ પાસે, નિર્ણયનગર,
અમદાવાદ-૩૮૨૪૮૧
મો.નં. : ૯૮૭૯૦૦૩૯૮૧




● ગાંધીઘર, કછોલીના સ્થાપક સ્વ. કીકુભાઈ નાયકની નવમી પુણ્યતિથિએ સ્વસ્થ સમાજ ક્ષેત્રે ગુજરાતના સમર્પિત શ્રેષ્ઠીઓ ૯૫ વર્ષીય સ્વાતંત્રસેનાની શ્રી પરાજીભાઈ(બાપુજી-નીકોરા-ભરૂચ), રાજકોટના શ્રી રજનીભાઈ બાવીશી, શ્રીમતી રશ્મિબેન કે. દેસાઈ, શ્રીમતી મૃદુલાબેન દેસાઈ અને શ્રીમતી નંદીબેન ટંડેલનું શ્રી કીકુભાઈ નાયક પુરસ્કારથી શ્રી ઘેલુભાઈ નાયક વગેરે મહાનુભાવોના વરદહસ્તે અભિવાદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કર્મયોગી કીકુભાઈ નાયકની "વસીયત અને નસીહત" પુસ્તિકાનું વિમોચન મુખ્ય મહેમાનશ્રી ઘેલુભાઈ નાયકના હસ્તે થયું હતું. સર્વે સન્માનિત મહાનુભાવોને "વિકલાંગ મિત્ર" પરિવાર હાર્દિક અભિનંદન પાઠવે છે.

● રાષ્ટ્રીય અંધજન મંડળ-વિસનગર તથા મયુર એન્ડ શાર્પ ફાઉન્ડેશન,મુંબઈના સંયુક્ત ઉપક્રમે પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી જીવન અને દર્શન પર માર્મિક વ્યાખ્યાન ડૉ. શ્રી મુકુન્દભાઈ ડી. કોટેચાએ વિસનગર મુકામે આપ્યું હતું.

● ભારત દેશમાં વિકલાંગ બાળકો માટે સ્પેશિયલ ઓલીમ્પીકનું આયોજન કરવામાં આવે છે. જેમાં જિલ્લા કક્ષાએ , રાજ્યકક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ રમતોત્સવનું આયોજન કરી રાષ્ટ્રીય કક્ષાના વિજેતા વિકલાંગ સ્પર્ધકોને આંતરરાષ્ટ્રીય કક્ષાએ યોજાતા સ્પેશિયલ ઓલિમ્પીક ગેમમાં ભાગ લેવા માટે મોકલવામાં આવે છે. તા. ૭-૮-૯ એપ્રિલ-૨૦૧૪ના રોજ સ્પોર્ટસ ઑથોરિટી ઑફ ઈન્ડિયા-ગાંધીનગર ખાતે રાજ્ય કક્ષાના સ્પેશિયલ ઓલીમ્પીક ગેમનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્ય કક્ષાએ આ સ્પર્ધામાં વિજેતા થયેલ સ્પર્ધકો આગામી સપ્ટેમ્બર માસમાં ઓરિસ્સા ખાતે યોજાનાર રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. જેમાંથી વિજેતા થનાર સ્પર્ધકો આંતરરાષ્ટ્રીય કક્ષાએ યોજાનાર સ્પેશિયલ ઓલીમ્પીક ગેમમાં ભાગ લેશે એવું એક અખબારી યાદીમાં શ્રી કમલેશભાઈ ખોખરીએ જણાવ્યું હતું.

● ૯૪.૩ માય એફ.એમ. દ્વારા આયોજીત જીયો "દિલ સે" એવોર્ડ એનાયત સમારંભ ઈન્દોર ખાતે શ્રી ભૈયુજી મહારાજની અધ્યક્ષતામાં યોજાયો હતો. જેમાં ભારતભરમાંથી ૧૮ વ્યક્તિઓને જુદી જુદી કેટેગરીમાં પસંદ કરી એવોર્ડ આપવામાં આવેલ. શ્રી કે.એસ.દેઢિયા મૂકબધિર વિદ્યામંદિર સોલા અમદાવાદના નિયામક શ્રીમતી કોકિલાબેન જી. શાહને મૂક બધિર બાળકોના શિક્ષણ માટેની કેટેગરીમાં પસંદગી થતાં એવોર્ડ એનાયત કરવામાં આવેલ. શ્રીમતી કોકિલાબેન શાહ છેલ્લા ૩૬ વર્ષથી મૂક બધિરો માટે સતત સેવા આપે છે. શ્રી કોકિલાબેન શાહને "વિકલાંગ મિત્ર" પરિવાર હાર્દિક અભિનંદન પાઠવે છે. ● ● ●

PUBLISHER,OWNER :BHARATBHAI R. PATEL,PRINTAR: PRAVINBHAI K. PATEL, PLACE OF PRINTING : SHIV OFSET, PARTH COMLPEX, VIJAPUR DIST : MEHSANA, PLACE OF PUBLICATION : AT. POST : MADHI, TA. VIJAPUR, DIST : MEHSANA, PIN-382860 EDITOR : BHARATBHAI R. PATEL